મનહુર છંદ.

મિત્ર એક મારો મલ્યો, ખાના પાસે આજે મને;
અજબ થઇને મને, જણાવ્યો વિચાર શું?
કહો ભાઈ આજ આ શું, અહિયાં સંગાતે મળ્યા;
વળી આ પ્રકાશ ઇંદ્રપુરી, તણો સાર શું?
વગડે છે ઢોલ વાજાં, પડઘમ શરણાઇ;
છવાઈ રહ્યો છે વળી, રંગ આ અગાર શું?
મેં પણ ઉમંગ થકી, આપિયો ઉત્તર એને;
સાંભળજો ભાઈ આજ, દિન છે દમામનો.
ખુશી આજે મુજ મન, ખુશી મમ જાતી મન;
ધન્ય ધન્ય જન્મ દિન, હાજર ઇમામનો.
હાજર ઇમામ એજ, નામ જેનું આગાખાન;
સુંદર છે જન્મ દિન, શાહ સુલતાનનો.

કવાલી.

સગોરી રાત અજ સભખાં, થીયો પેધા સચો સરવર;
હીઝ હાઇનેસ સર સુલતાન, મહુમદ મેહેલ કાં મુનવર.
જમીનએં આસમાંમે ઐ, મલાયક જીનો ઇનસાંમે;
અજોકી રાત બાબત થા, થીયન એએ શાધ સભ હરહર.
મહુમદ મુસ્તફા સલ્ઙે, અલ્લાહુજી નેક નીશાની;
ઇમામતજી અમાનત ઐં, રસાલત મહુભહી અતહર.

ધનહીંજી શિકલ એં સુરત, નઝાકત નામવર સાગી;
જમાલે પાક મૌલાના અલી, મુશકલ કુશા હૈ ઘર.
શજર કેરે સંધી હીઆ શાખ, આહે અહેલ ઇસમાઇલી;
હીં આહે નો બહારે બાગ, બેસ્તી ફાતમા અતહર.
ભિનાં મુરશીદ નકે મિલંધી, બશારત બાગ જનતજી;
અગીઓ હાથીઅનકે હલંધી, ભિનાં રાહેનમાં રહેબર.
અધાવત જે રખન હિનસાં, સનફ સે બે બખ્ત મુઝી;
વીંધા તહતલ સરા બેશક અગીઉં ડીંય રોઝ મહેશર.
મુધાવંદા ફત્તેહમંદી, દીજ અંહે તું જયોર્જ પંજમખે;
અસી ઇસમાઇલી સભથા ગુરઉં, ધિલસાં ધુવા ઘર ઘર.

(ભક્ત હમીરભાઇ લાખાણી.)

રાગ ધનાશ્રીનો.

સતગુરૂ શાહ સુલતાન તુહીં એક સતગુરૂ શાહ સુલતાન;
તુજ દરશન થકી મુક્તિ મલે છે પામે અભેપદ દાન તુહીં.
ભક્ત જનોના દુઃખ દુર કરવા પ્રગટયા છો સારંગપાણુ તુહીં.
કાપો કૃપાઘન કષ્ટ જનોનાં દીઓ દર્શનદીને જ્ઞાન તુહીં.
મહેર કરી વહાલા આવો કરાંચી, વાટ જુએ છે જમાત. તુ.
અરજ સુણો તમો નાથ અમારા પધારોને અહીં આજ તુહીં.
કર જોડી હું વિનતિ કરૂં છું દાસને દીઓ નીજ ધ્યાન. તુહીં.

વહાલા વેગે આવોરે—એ રાગ.

સુલતાન શાહ રાયારે, રાખજો માયારે-ભીડું મારી ભાંગવા
હોજી.
કર જોડીને તુજને કહું છું મારા સ્યામ (૨) સુલતાનશાહ૦
કરગરી કહું છું તુજને સહાય થજો આ વાર,
નહિતર બેડી બુડશે—નહિ પહોંચે પહેલે પાર;
દુઃખી થાશે આ જીવડો જાશે ચોરાશી મોઝાર,
તમે છત્રપતિ કહેવાઓરે—ભીડું મારી.
રહેમ કરી મુજ રંકપર તારી લેજો બાપ,
તારણહારો તુંજ છે બેહે કરનારો પાપ;
વિનવી કહું છું તુજને દીઓ દરશન આપ,
તમે સહાયે થાજો મોરારીરે—ભીડું મારી.

ગઝલ ધરસીફ્ત હાઝર ઈમામ.

કવાલી.

મુબારક રોઝ રોશન સાહેબેવાલા કદ્ર આયા,
સુભુહ સાધક ભા ખુશતર બનુરાંની સહર આયા. ટેક.
પડો સલવાત મોમન શાહ ઈસમાઇલીઆ મિલકર;
તુમહારી ખુશ નસીબીકા અસર કયા ખુશ ખબર આયા. ૧.
અહી ચાલીસવા જલિસ હુવા મીલાધકે દિનકા;
મિસાલે અબ્ર રહેમતકે સમર નબવી શજર આયા. ૨.

સબહી ઝિરરાત આલમ બ ઝહુરે ઝુલ, વઈ આલી;
હમારા ભખ્ત રોશન હો કુખર શમસો કમર આયા. ૩.
અજબ અજલાસ યા, ધરબાર, શાહેનશાહએ આઝમ હૈ;
સલામી કરને હાંસલ જીસમેં હર મલકો બશર આયા. ૪.
અજાયબ રોઝ બરકત હૈ સખાવત ઔર શા'હાદતકા;
નઝર નુરે અલી સાહેબ અસર માલક ધહર આયા ૫.
જીસે સરવરકી કરતા જાસ્તજ્નૂ હર કસ ઝમાનેમેં;
વહી સરધાર સબકા પેશવા આલી ગોહર આયા. ૬.
સબહી મખલુકકા માલક અર્લી અલ્લમુરતઝા બરહક;
સહીનુરે ખુધા હૈધર નબી યકતા નઝર આયા ૭.
હઝારૂં હમધ હૈ યારબ કે તેરા ફઝલ શામલ હૈ;
હયુલ કયુમ ઝાતે પાકકા અકબર અમર આયા. ૮.
ઝહુરે ખાસ મઝહર હૈધરીકા શુકર યે કરલો;
કે ખુધ વખ્તે શજાયત સેફ હક ગાલબ ઝફર આયા. ૯.
ખલાએકકે જમઈ મુશકલ અભી આસાન હલ હોગી;
અગર ઈસ પર નઝરલી કરકે કાયમ બા ખબર આયા. ૧૦.
લિખુ' કયા વસ્ફ સુલતાને મહમદ શાહે શહાને'કી;
નબુવત ઔર ઈમામત હક હકીકતકા બહર આયા. ૧૧.
ખુધાવ'ધા યેહી નુરે મુકધસ હક સલામત હો;
ફતેહ ઈંગલીશકો બક્ષેશ કુધરતકા અસર આયા. ૧૨.
મહમધભી રહે ધમધમ સહી સુલતાનકા વાસફ;
અહધ અહમધ અલીકા નુર અનવર જલવે ગર આયા ૧૩.

(સૈયધ મહમદ યુનાની હકીમ હૈધરાબાદ સિ'ધ)

કાફી વસ્લે યાર ફીરાક.

સુર કોહેઆરી.

સુલતાન સવાય મુંજી કીન સરે;
અખીંયન આબ વહે જર જોર કરે-ટેક.
અંગણુ અચી મુંજે મહેલ પ્યારા;
મહોબત મંજ મુદામ મરે - અખીંયન૦
ગડજી ગારીઉં યાર ગુજારીઉં;
પલભ ન થી પ્યારા મુંખાં પરે.- અખીંયન૦
ઘરઘન ઘલડી કેહી આહે ઘીવાની;
જીંધ જાન જુધાઈ મેં વી જરે.- અખીંયન૦
સિંધ જમાયથજો તું સાહેબ,
તોખાં સિવાય તિનખે કી ન સરે- અખીંયન૦
રાજ સઘાહીં રહે બ્રિટીશજો,
ભલે સો ભલો બાધશાહી કરે- અખીંયન૦
થાવર જો તું પુશ્ત પનાહ થી
તોખે સારેઓ સધા મુંજો મનડો ઠરે- અખીંયન૦

(મીશનરી થાવરભાઈ ગુલામહુસેન તરફથી.)

રાગ-પડ પાઘા પોબાર.

સુલતાન શાહાને સેવશો, દીલમાં રાખી પ્યાર;
કાયર કદી થાશો નહિ, તરશો આ સંસાર. ૧.

હળી મળીને ચાલજો, બાઇઓ ભાઈઓ સૌ સાથ;
વેર કદી નહિ રાખશો, તરશો આ સંસાર. ૨.

ગત ગંગામાં આવીએ, તો લઇએ જ્ઞાન અપાર;
નીંદા કદી કરીએ નહીં, તરશો આ સંસાર. ૩.

ધ્યાન ધરમ પર રાખીએ, ચિતમાં રાખીએ ખ્યાલ;
ધરમ કદી તજિયે નહિ, તરશો આ સંસાર. ૪.

અમલદારીઓને માન આપી, કરજો સેવા સાર;
દાસ કહે નકી જાણજો, તરશો આ સંસાર. ૫.

બે મિત્રો વચ્ચે ધાર્મિક સંવાદ.

દોહરો.

વિદ્યા કેળવણી સર્વદા લાભ આપશે લાખ;
દુર્ગુણ સઘળા દુર થઇ ઉઘડે જ્ઞાનની આંખ.

જ્યારે આવી સાલગ્રેહને પ્રસંગે બાગ ફીરદોષ જેવી લીલા લહેર લાગી ગઇ હતી ત્યારે તે સમે એક ઇસમાઈલી જુવાન મંડપના એક બાજુના ખુણામાં ઉભો ઉભો વિચારન દરીઆમાં જાણે ઝોલાં ખાતો હોય એવું નજરમાં આવતું હતું. તે જુવાનને આપણે હુસનઅલીના નામથી ઓળખીશું. જ્યારે એક ખાનદાનીના કુટુંબના તેના પ્રેમી મિત્ર જાફરઅલીભાઇએ સારા ડ્રેસમાં સજ થએલા ખુશ મીજાજમાં સામેના રસ્તાથી દેખાવ દીધો. તે નજીકમાં આવતાં હુસનઅલીભાઇને યાઅલી કહેતાં સેકહેન્ડ આપી બેઉ મિત્રો એકબીજાને ભેટી પડયા.

પ્રશ્ન—હુસનઅલીભાઈ, આજે આપણા હાજીર ઇમામની સાલગ્રેહની ખુશીના પ્રસંગે દીલગીર કેમ દેખ ઓ છો? તે મહેરબાની કરીને તમારા મિત્રને સંભળાવો. મને લાગે છે કે તમે કોઇ સારા વિચારમાં ઉતરેલા છો. મારાથી બનતી મદદ જે થશે તે દેવાને તૈયાર છું.

ઉત્તર—જુઓ, જાફરઅલીભાઈ, આપણી કોમ વિદ્યા ભણતરમાં બીજાઓ કરતાં ઘણી પછાત છે. જેમ દુનીઆની તેમ દીનની કેળવણીમાં પણ આપણે ઘણા પછાત છીએ. જુઓ, આપણા સીરતાજ હાજર ઇમામે પોતાના હજારો રૂપીયા ખરચી આપણને વિદ્યા ભણતર શીખવવા સારૂ ધાર્મિક સ્કૂલો ગામો ગામમાં સ્થાપી આપી છે, જેમાં ધાર્મિક અને સંસારી કેળવણી આપણે સંપાદન કરી શકીએ છીએ. પણ ઘણી અફસોસની વાત છે કે ઘણા આપણા ભાઈઓ તે સ્કૂલોમાં પોતાનાં બાલકી તથા બાળકોને મોકલવાની ખંત રાખતા નથી અને જો મોકલાવે છે તો પુરી ધાર્મિક તાલીમ લીધા વગર ઉઠાડી લે છે. તો પછી તે અધુરી કેળવણીથી આપણાં બચ્ચાંઓને ઘણુંએ ખમવું પડે છે, એટલે નીચ સંગતમાં આપણાં બચ્ચાંઓ ઉતરી પડે છે. તે અધુરી કેળવણીથી કાંઈ લાભ થતો નથી, ઉલટું નુકશાન થાય છે, જેમ કહેવત છે કે:—

"નીમ હકીમ ખતરે જાન, નીમ મુલ્લાં ખતરે ઈમાન."

એવી રીતે આ કેંવતથી આપણાં બચ્ચાંના હાલ થાય છે, ને અગાડી ચાલતાં પરિણામ ઘણાં માઠાં આવે છે.

પ્રશ્ન—હુસનઅલીભાઇ, વિદ્યા ભણવામાં ફાયદો છે. આપણા ભાઇઓનું કહેવું એમ છે કે વિદ્યા ભણવામાં કાંઈ ફાયદો નથી, તે કેમ?

ઉત્તર—જાફરઅલીભાઇ, આ પ્રસંગે હું તમોને ટુંકમાં સમજાવવા સારૂ મિ૦ વરતેજીની કવિતા જે વિદ્યા વિષે લખેલ છે તે સંભળાવું છું તે સાંભળો.

દાસ પરે દયા લાવોરે—એ રાગ.

વિદ્યા વિણ અંધારૂં રે, ભણજોરે ભાઈ વિદ્યા વિના અંધારૂં.
કોઇ કહે છે ધંધો કરવો, કોઇ કહે હુન્નર આદરવો;
પણ ભણતર વિના અંધારૂંરે, ભણજોરે ભાઇ૰ ૧.
બાપ મુકી દોલત જો મરશે, દીકરો તેને ખલાસ કરશે;
પણ ભણતર નિત રહેનારૂંરે, ભણજોરે ભાઇ૦ ૨.
ભણતર સારૂં ભણેલ હોય, હુન્નરથી તો બમણું સોઇ;
જે છે નશીબ ઉઘાડવાનું બારૂંરે, ભણજોરે ભાઇ૦ ૩.
ભણતર હુન્નર ધન જો કમાયે, લુટાઇ કે ચોરાઈ ન જાય;
વરતેજી ઉત્તમ એને ધારૂંરે, ભણજોરે ભાઇ૦ ૪.

પ્રશ્ન—વાહવા, ધન્ય છે તમોને, હુસનઅલીભાઇ, ખરેખર વિદ્યા ભણવાથી ઘણા ફાયદા છે. મેં એક ઠેકાણે સાંભળેલું છે જે તમોને આ દુનીયામાં મોઝ માણવી હોય ને આકુબતનું સુખ હાંસલ કરવું હોય તો વિદ્યા ભણવી.

ઉત્તર—જાફરઅલીભાઈ, એ તમારી વાત ખરી છે, પણ વિદ્યાનો વાસો તે કોમ કે નાતમાં હશે જ્યાં સંપ ઇખલાસ હશે, પરંતુ જ્યાં સંપ ઇખલાસ નથી ત્યાં વિદ્યા પ્રાપ્ત કરવી બહુ દુર્લભ છે, જેના વિષે આ પ્રસંગે હું તમોને આપણા હાઝર ઈમામોનાં નીચલાં વાકયો જે હાજર ઇમામે રંગુનમાં ઉચારેલાં તે કહું છું :

નથી દેશમાં સંપ, નથી વિદ્યાનો વાસો,
નથી કોમમાં સંપ, નથી ઉદયની આશો;
નથી વિવેક ને જ્ઞાન; નથી રાજ્યનાં માનો,
નથી કરતા કાંઈ કામ, દેશ અભિમાનો.

નથી સંપ જ્યાંસુધી કોમમાં, નથી કદર વિદ્યાની દેશમાં;
કહે આગાખાન નહિ પામશો, વાંચ્છિત ફલ આ જન્મમાં

માટે જાફરઅલીભાઇ, આવી રીતે આપણા હાઝર-ઈમામનાં વાકયો છે તેના માથે જો આપણે ધ્યાન દેશું ને સંપસલાહથી એકબીજામાં રહેશું તે પછી આપણી નાત જાત બાલ બચ્ચાં કુટુંબીઓને વિદ્યા ભણતર ભણાવવાની કોશીશ કરશું તો ઉમેદ છે જે આપણે ફતેહ પામશું અને દીન દુની-આનું સુખ હાંસલ કરશું એમાં સંદેહ નથી. એટલી વાતચીત કરી બેઉ મિત્રો ખુદા હાફીઝ કરીને એકબીજાથી છુટા પડયા.

કવાલી.

સુલતાનશાહા સંગમાં ખેલો, વિવિધ રસ પ્રેમના પાવો;
અમારા અંત જીવનમાં, સદા સુખ શાન્તિ પથરાવો.
રસીક કોમળ હૃદય માંહીં, કટારી ઇશ્કની મારી;
વીંધી નીરદોશ અંતરને, કર્યો આ જખ્મ બહુ કારી. સુલ૦
કર્યો જો જખ્મ કાતિલ તો, દવા પણ તેની બતલાવો;
હકીમથી દર્દ ના જાય અરે દિલભર હવે આવો. સુલ૦
કદી જો જાણતી હોતે, પીડા આ પ્રેમની ભારી;
ખરીદી પ્રેમ મંદિરીએ, કદી જુદા ન કરનારી. સુલ૦
રહીશ હું ચરણમાં તરા, સદા દાસી થઈ તારી;
ગ્રહીને ચરણમાં પ્યારા, નીવારો આ પીડાકારી. સુલ૦
તમારી જાપ જપવામાં, જીવન આનંદથી ગાળું;
ખલકમાં તમ વિણ વહાલા, નહિ કો અન્યને ભાળું. સુલ૦
અર્જ મમ દાસની ધારી, પધારો હિંદ આ વારી;
શરણાગતના સહાયકારી, કરેલા કોલને પાળો. સુલ૦

(માસ્તર મુરાદઅલી ભાઈ વલી.)

ગઝલ.

અભાગીઓ કોણ ગણાય છે.

રળ્યું ધન કાંઇ ના ખરચ્યું, અભાગી તે ગણાયા છે;
પકાવી કાંઈ ના ખાધું, અભાગી તે ગણાયા છે.

દીધાં નવ માસ માતાને કઠણુ કષ્ટો થયા મોટા;
પછી તો તે ગયા વીસરી, અભાગી તે ગણુાયા છે.
વકીલો હાઈ કોરટોના, થયા બાહોશ બુદ્ધિના;
થયા ના રંકના બેલી, અભાગી તે ગણુાયા છે.
થયા વિદ્યા તણુા દુશ્મન, વળી નિજ દેશ, રાજાના;
ધરી ના દાઝ જાતિની, અભાગી તે ગણુાયા છે.
ધરી અવતાર દુનીઆમાં, રહસ્ય કાંઇ ના લીધું;
તજી અમરત કીચડ પીધું. અભાગી તે ગણુાયા છે.

કવાલી.

દિદારે દીલબર.

નહિ આરામ આ દીલને, વિના દિદાર દીલબર ના;
તશલી છે ન આ દીલને, વિના દિદાર દિલબર ના.
બીઆબાંમાં સુનો ભટકું, ખુવારે દિલથી હરદમ;
પછાડું રાત દીન શીરને, વિના દિદાર દિલબર ના.
અરેરે આ જીગર જખમી, ચિરાયેછે વિના ખંજર;
રૂધીર વહેતું કરે છે જ્યાં, વિના દિદાર દિલબર ના.
ખુશીમાં આવી જનતની, નીવાજીશ ગર કરે કોઇ;
અરેરે બહેસ્ત છે જહન્નમ, વિના દિદાર દિલબર ના.
હજારો આવીને પુછે, શું ખ્વાએશ અબદ છે તારી;
તમન્ના છે ન આ દીલને, વિના દિદાર દિલબર ના.

વૈરાગ.

(પરતક પાત્રને પરખીને—એ રાગ.)

હું રે વેરાગી દિદારનો, સુલતાન મહુમદશાહ રાય;
દરશાન દેવા વેલા આવજો, કરાચીમાં સહાય.-હુંરે વેરા
સ્વામી અમો અબળા આતુર સ્રીએ, તમારા દરશાન કાજ;
મનની ઉમેદો પુરી કરો. વેલા વળો મહારાજ.-હું રે વેરા
સ્વામી દુખડે દોહીલો હવે નહિ ખમાય, ઓ સુલતાનશાહ રા
માત થઇને મૈયા રાખજો, વેલા થાએ જો શાહાએ.-હુંરે વેરા
સ્વામી સ્વર્ગનું સુખ મને ના ગમે, તમ વિના છે વિનાશ;
આઠેઇ પોહોર દરશન દેવા, રહો અમારે પાસ.-હુંરે વેરાગા.
સ્વામી ભગતોને વારે આવીઆ, પુરણ કરવાને કામ;
તેમ અમો અબળાને દરશાન દેવા, વહેલા વળો અહિં શામ. હુંરે.
સ્વામી તમે છો મારા સાહેબા, હું છું તમારો દાસ;
કૃપા કરીને દરશાન દીઓ, સુલતાન મલવાની છે આશ.-હું રે.

ખાકી ખલકા.

ખાકી ખલકા પે ન પીઆરે, આદમ બન કર આયા હુયે;
આદમ દે વિચ દર હમ દિલબર, અહમદ બન કર આયા હુયે ટેક.
આપે ફુલ ગુલાબ ચંબેલી, આપે બાગ બનાયા હુયે;
ઈશરે વાડીમાં ખેલ ખેલતા, માલી બન કર આગ હુયે-ખાકી.